Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2023
AUGUST
૧ ઑગસ્ટ, ૨૦૨૩

OUR REALITY ...
અમારું સાચું સ્વરૂપ ...

... ...

O Divine Master, Thine is all our life, our thought, our love, all our being. Take unto Thyself once more what is Thine; for Thou art ourselves in our Reality.

'Prayers and Meditations' – The Mother
15 August, 1913

* * * * * * * * *

... ...

In Thy Light we shall see
In Thy Knowledge we shall know
In Thy Will we shall realise.

'Prayers and Meditations' – The Mother
31 January,1914

અમારું સાચું સ્વરૂપ ...

... ...

હે દિવ્ય ગુરુ ! અમારું જીવન, અમારા વિચારો, અમારો પ્રેમ, અમારું સારુયે સ્વરૂપ તારા અર્થેજ છે, જે તારું પોતાનું જ છે તેનો કબજો તું પાછો લઈ લે કેમ કે અમારા સાચા સ્વરૂપમાં તો તું જ અમારા રૂપે છે.

પ્રાર્થનાઓ અને ધ્યાન – શ્રી માતાજી
૧૫ ઑગસ્ટ, ૧૯૧૩

* * * * * * * * *

... ...

અમે તારા પ્રકાશમાં રહીને જોતા થઈશું,
તારા જ્ઞાનમાં રહીને અમે જ્ઞાન પામીશું,
તારી ઇચ્છામાં રહીને અમે સિદ્ધિ પામીશું.

પ્રાર્થનાઓ અને ધ્યાન – શ્રી માતાજી
૩૧ જાન્યુઆરી, ૧૯૧૪

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● August 2023
https://themothersprosperity.org

THE AVATAR

... ...

The Avatar comes to reveal the divine nature in man above this lower nature and to show what are the divine works, free, unegoistic, disinterested, impersonal, universal, full of the divine light, the divine power and the divine love. He comes as the divine personality which shall fill the consciousness of the human being and replace the limited egoistic personality, so that it shall be liberated out of ego into infinity and universality, out of birth into immortality. He comes as the divine power and love which calls men to itself, so that they may take refuge in that and no longer in the insufficiency of their human wills and the strife of their human fear, wrath and passion, and liberated from all this unquiet and suffering may live in the calm and bliss of the Divine.

`Essays on the Gita`
CWSA – Vol.19 P.175-176

– Sri Aurobindo

અવતાર

... ...

માનવની નિમ્ન પ્રકૃતિથી પર ઊર્ધ્વમાં દિવ્ય પ્રકૃતિ રહેલી છે એ સત્ય માનવને બતાવવા માટે અવતાર આવે છે, તથા દિવ્ય કર્મ તે કેવાં હોય, મુક્ત, અહંરહિત નિષ્કામ, તટસ્થ વિરાટના જેવા વૈશ્વિક, દિવ્ય પ્રકાશમય, દિવ્ય શક્તિથી પ્રેરિત, દિવ્ય પ્રેમમાંથી પ્રગટતાં કર્મો કેવાં હોય, તે દર્શાવવા માટે અવતાર આવે છે. દિવ્ય વ્યક્તિ રૂપે આવીને અવતાર પોતાના વડે માનવ-ચેતનાને પરિપૂર્ણ કરે છે, તથા એની અહંપ્રધાન વ્યક્તિતાને દૂર કરીને તેને ઠેકાણે દિવ્ય વ્યક્તિતાને મૂકે છે, જેથી કરીને અહંમાંથી મુક્ત થઈને તે અનંત બની શકે, વિશ્વમય બને, જન્મમાંથી અમરતામાં જઈ રહે. અવતાર દિવ્ય શક્તિ રૂપે તથા દિવ્ય પ્રેમ રૂપે આવે છે, તથા માનવને પોતાના તરફ ખેંચે છે, જેથી કરીને માણસો પોતાની સંકલ્પશક્તિમાં અને ભય, ક્રોધ, રાગ વગેરે જેમાં પરસ્પર આથડતાં હોય છે તેવા કરણોમાં નહિ, પરંતુ પ્રભુમાં પોતાનો આશ્રય લઈ શકે, તથા એ બધી અશાંતિ અને દુઃખમાંથી મુક્ત થઈને પ્રભુની દિવ્ય પ્રકૃતિની સ્થિરતામાં અને શાંતિમાં તથા આનંદમાં વસી શકે.

– શ્રી અરવિન્દ

'ગીતા નિબંધો' - પૃ.૨૧૦

અનુ. અંબાલાલ પુરાણી